લોકમિત્ર, LOKMITRA
Thursday, November 03, 2022

વલસાડના કકવાડીમાં ફાળવેલી જમીન પરત છીનવી લેતા સ્થાનિકોએ ધારાસભ્યનો વિરોધ કરી નારાજગી દર્શાવી

વલસાડ, વલસાડ તાલુકાના દાંતી ગામ ખાતે પ્રોટક્શન વોલ તૂટી જતા દરિયાની મોટી ભરતીના પાણી ગામમાં ફરી વળ્યાં હતા. સાથે વર્ષ ૧૯૭૦થી કકવાડી ગામ ખાતે સરકારી પડતર જમીન મીઠાના અગરિયાઓને ભાડા પટ્ટા હેઠળ મીઠું પકવવા જમીન મંડળીના ખાતેદારોને ફાળવી હતી. જેમાં ૩૦૦થી વધુ પરિવારના સભ્યો નભતા આવ્યાં છે. જે સરકારી જમીન મીઠાના અગરિયાઓ પાસેથી છીનવી લેવામાં આવી છે. જેને લઈને સ્થાનિક લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. જેને લઈ દાંતી દરિયા કિનારે ૩૪ કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલના કામનું ભૂમિપૂજન માટે ધારાસભ્ય અને ભાજપના અગ્રણીઓ આવવાના હોવાની જાણ કકવાડી ગામના લોકોને થતા કકવાડી ગામના મુખ્ય રોડ ઉપર ધારાસભ્યનો વિરોધ કરવા લોકો એકત્રિત થતા હતા. જોકે, વડાપ્રધાનના કાર્યક્રમમાં જવાનું હોવાથી ધારાસભ્ય હાજર રહી શક્યા ન હતા. વલસાડના દાતીગામ ખાતે ૩૪ કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલનું ખાતમુહૂર્ત વલસાડના ધારાસભ્ય ભરત પટેલ, સાંસદ ડો.કે.સી પટેલના હસ્તે કરવામાં આવનાર હતું, પરંતુ વડાપ્રધાનના ગુજરાત ના પ્રવાસને લઈ કેવડિયા ગયા હોવાથી દાતીગામ પ્રોટેક્શનવોલના ભૂમિપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. સ્થાનિક મીઠાના અગરિયાઓના પડતર પ્રશ્નોને લઈને ભારે નારાજગી સ્થાનિક યુવાનોમાં જોવા મળી હતી. સ્થાનિકો કાળા વાવટા બતાવી ધારાસભ્ય ભરત પટેલનો વિરોધ નોંધાવવાના હતા, મુખ્ય રસ્તા ઉપર સ્થાનિક લોકોએ ધારાસભ્ય ભરત પટેલની હાય હાય ના નારા સાથે વિરોધ પ્રદશન કર્યું હતું. તેમજ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ભરત પટેલને ટીકીટ આપવામાં આવશે તો સમગ્ર કાંઠા વિસ્તારમાં ધારાસભ્ય ભરત પટેલના વિરોધમાં કામગીરી કરીને ભરત પટેલને હરાવવાનો સ્થાનિક લોકો મન બનાવી ચુક્યા છે તેમ અગ્રણીઓએ જણાવ્યું છે. દાતીકવાડી તેમજ કાંઠા વિસ્તારના ગામોમાં ટંડેલ સમાજ અને કોળી પટેલ સમાજ પ્રભુત્વ ધરાવે છે. આજરોજ કોળી પટેલ સમાજ અને ટંડેલ સમાજ બંને સમાજે સાથે મળીને ધારાસભ્ય ભરત પટેલનો વિરોધ નોંધાવ્યો હતો. આગામી આવનારી વિધાન સભામાં ભાજપ કયા ઉમેદવારને ટીકીટ આપે છે તેના ઉપર સૌની નજર મંડાયેલી રહેશે. કકવાડી ગામમાં અગરિયાઓ દ્વારા વર્ષ ૧૯૭૦થી સરકારી જમીન લિઝ ઉપર મેળવી મીઠું પકકવાનું કામ કરતા આવ્યાં છે

જે હાલ સરકાર દ્વારા અગરિયાઓને લિઝ પર ફાળવેલી જમીન છીનવી લેતા સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિક લોકોએ વારંવાર ધારાસભ્ય સહિત ભાજપના અગ્રણીઓને રજૂઆતો કરવા છતાં તેમની કાગણીઓ પૂર્ણ ન થતા સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. દાંતીકવાડી ગામ ખાતે પ્રોટેક્શન વોલનું ધોવાન થતા દરિયાની ભરતીના પાણી ગામમાં ફરી વળ્યાં હતા. જેને લઈને સ્થાનિક લોકોની રજૂઆતને ધ્યાને રાખીને મુખ્યમંત્રીને રજૂઆત કરીને ૩૪ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. નવી પ્રોટેક્શન વોલની ૧.૫ કિમીની દીવાલ અને વોક વેનું કામ ૩૪ કરોડના ખર્ચે તૈયાર થવા જઈ રહ્યું છે. જેનો લાભ સ્થાનિક લોકોને જ મળશે તેમ ધારાસભ્ય ભરત પટેલે જણાવ્યું હતું. કકવાડી ગામ અને અજુવાજુના ગામોમાં કરોડો રૂપિયાના વિકાસના કામો કર્યા છે. સ્થાનિક લોકો રાજકીય કિન્નખોરી રાખી ખોટો વિરોધ દર્શાવી રહ્યા છે. કકવાડી ગામમાં સ્થાનિક અગ્રણીઓની રજૂઆત મળ્યાં બાદ ટૂંક જ સમયમાં કામોને પ્રાધાન્ય આપી ૩ કરોડથી વધુના કમો કર્યા છે. આગામી વિધાનસભાની ચૂંટણી આવતા સ્થાનિક લોકોને ગુમરાહ કરવાનું કામ કેટલાક લોકો કરી રહ્યા છે. તેમ ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાંબુઘોડા ખાતે કહ્યું- આદિવાસી પરિવારોએ કલાકોની મહેનત કરી મને પરિવર્તન લાવવા સપોર્ટ કર્યો

પંચમહાલ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરથી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા છે. ત્યારે ૧ નવેમ્બરે તેમણે પંચમહાલના આદિવાસી વિસ્તાર જાંબુઘોડાની મુલાકાત લઈ જનસભાને સંબોધન કર્યું હતું. આ આદિવાસી વિસ્તારમાં તેમણે રૂ. ૮૮૫.૪૨ કરોડના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનસભાને સંબોધતા જણાવ્યું હતું કે શહીદોના નામ સાથે શાળાઓના નામકરણની પરંપરા શરુ કરી કારણ આવનારા બાળકોને ખબર પડે કે એમના પૂર્વજોએ કેવાં કાર્યો કર્યો હતાં. આદિવાસી પરિવારોએ પણ કલાકોની મહેનત કરી જહેમત ઉઠાવી મને પરિવર્તન લાવવાં સપોર્ટ કર્યો છે. મારી દીકરીઓ શાળામાં જાયને એટલા માટે બસોમાં ફ્રી પાસની સુવિધા પણ આપી. બે દશકમાં ૧૧ સાયન્સ કોલેજ ૧૧ કોમર્સ ૨૩ આર્ટ્સ કોલેજ અને સેંકડો હોસ્ટેલો શરુ કરી. ગુજરાત સરકારે નક્કી કર્યુ છે આવનારા વર્ષોમાં એક લાખ કરોડ રુપિયા આ વિસ્તારમાં ખર્ચવાના છે. પીએમે કહ્યું હતું કે નરેન્દ્ર અને ભૂપેન્દ્રની ડબલ એન્જીન સરકારે ૧૪૦૦થી અધિક હેલ્થ અને વેલ્થ સેન્ટર આદિવાસી વિસ્તારમાં ઉભા કર્યા છે. ૨૪ કલાક વીજળી આપવાનું કામ પહેલાં ડાંગ જિલ્લામાં કર્યુ હતું. આઝાદીના આટલાં બધા વર્ષોથી ભાજપની સરકાર દિલ્હીમાં ન બની ત્યાં સુધી આદિવાસી માટે કોઈ મંત્રાલય પણ ન હતું, કોઈ બજેટ પણ ન હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમારો સંકલ્પ છે કે, યુવાનોને પઢાઈ, કમાઈ, ખેડૂતોને સિંચાઈ અને વડીલોને દવાઈની કચાસ ન રહેવી જોઈએ. એક થેલી ખાતર આખી દુનિયામાં ૨ હજાર રુપિયામાં વેચાય છે અને ભારતમાં ૨૬૦માં આપીએ છીએ. ૫૦૦ વર્ષોથી મારી કાળી માઁની કોઈએ ચિંતા ના કરી, ત્યાં ફરફર ધજા ફરકે છે. અમારી નિયત સાફ છે, અમે તમારા માટે ખપી જનારા લોકો છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાંબુઘોડામાં રૂ. ૫૨.૬૧ કરોડના ખર્ચે બનેલા ગોવિંદગુરુ યુનિવર્સિટી બિલ્ડીંગના એડમિનિસ્ટ્રેટીવ બ્લોક અને બે પ્રાથમિક શાળાઓનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે જ તેઓ ગોધરા મેડિકલ કોલેજ અને કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીના રૂ. ૬૮૬ કરોડના પ્રોજેક્ટનું સાથે ગોધરા કેન્દ્રિય વિદ્યાલયના બિલ્ડિંગના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત કર્યુ હતું.

સાથે જ રૂ. ૧૨૨.૧૮ કરોડના જીજીયુના વિવિધ એકેડેમિક બ્લોક બિલ્ડિંગનો શિલાન્યાસ કર્યો હતો. પર્યાવરણના રક્ષણ અને જાળવણી માટે વડાપ્રધાને ગત વર્ષે ગ્લાસગોમાં યોજાયેલા સીઓપી૨૬ સંમેલનમાં લાઈફસ્ટાઈલ ફોર એનવાયર્મેન્ટ ના વૈશ્વિક આંદોલનની જાહેરાત કરી હતી અને આંતરરાષ્ટ્રીય જન સમુદાયને એલઆઈએફઈ ને આંતરરાષ્ટ્રીય આંદોલન તરીકે દોરી જવાની હાકલ કરી હતી. આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં પૃથ્વીને બચાવવા માટે રિડ્યુસ, રિયુઝ અને રિસાઈકલના સિદ્ધાંત પર પણ ભાર મૂક્યો હતો. આ બાબતને ધ્યાનમાં રાખીને ગોવિંદગુરુ યુનિવર્સિટીએ તેના કેમ્પસમાં ગ્રીન બિલ્ડીંગ બનાવવાનો નિર્ણય લીધો છે. ગોવિંદગુરુ યુનિવર્સિટી આઈજીબીસી પ્રમાણિત ગ્રીન એડમિનિસ્ટ્રેટિવ બ્લોક ધરાવતી ગુજરાતની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટી હશે.

IIFL HOME LOAN

આઈઆઈએફએલ હાઉસ, સન ઈન્ફોટેક પાર્ક, રોડ નં. 16વી, પ્લોટ નં. બી-23, એમઆઈડીસી, થાણે ઈન્ડસ્ટ્રીયલ એરિયા, વાગલે એસ્ટેટ, થાણે - 400604.
CIN No.: U65993MH2006PLC166475

આ સૂચના અન્વયે જાહેર જનતા અને આઈઆઈએફએલ હોમ ફાઈનાન્સ લિ.ના ગ્રાહકોને અત્રે માહિતગાર કરવામાં આવે છે કે આઈઆઈએફએલ ગોલ્ડ લોન, 1લો માળ, તારા ટેરેસ, મોટા બજાર રોડ, વલ્લભ વિદ્યાનગર, આણંદ–388 120 ખાતે આઈઆઈએફએલ હોમ લોન શાખા 28મી ફેબ્રુઆરી, 2023થી અમલ બંધ કરાશે.

તમામ ગ્રાહકો અને જાહેર જનતાને ઉપરોક્તની નોંધ લેવાની વિનંતી કરવામાં આવે છે. તમારી નજીકની આઈઆઈએફએલ હોમ લોનની અન્ય શાખાઓને શોધી કાઢવા માટે મુલાકાત લો iiflhomeloans.com/locate-us

અમદાવાદની કર્ણાવતી ક્લબની હાઉઝી ઈવેન્ટમાં ૬ હજાર લોકોએ ભાગ લીધો

અમદાવાદ, અમદાવાદમાં દિવાળીનો તહેવાર જોરશોરથી શરૂ થઈ ગયો છે. લોકો માર્કેટમાં ધૂમ ખરીદી કરી રહ્યાં છે. બીજી તરફ શહેરમાં ક્લબોમાં પણ દિવાળીની ઉજવણી કરવામાં આવી હતી. શહેરની કર્ણાવતી ક્લબમાં સૌથી મોટી હાઉઝી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. આ હાઉઝીની ઈવેન્ટમાં પ્રથમ રાઉન્ડમાં પ્રત્યેક ટીકીટની કિંમત રૂ. ૧૫૦, ત્યારબાદ બીજા રાઉન્ડમાં રૂ. ૨૦૦ અને ત્રીજા રાઉન્ડની ટીકીટ રૂ. ૩૦૦ હતી, જે બાદ રૂ. ૪૦૦. મેગા બમ્પર હાઉઝી સ્પર્ધાના વિજેતાએ રૂ. ૬૧ લાખનું રોકડ ઈનામ જીત્યું હતું. વધુમાં દરેક ટીકીટ ધારકને રૂ. ૬,૦૦૦નું ગિફ્ટ હેમ્પર પણ અપાયું હતું. સમગ્ર ઈવેન્ટને રેકોર્ડ બુકમાં સ્થાન મળ્યું હતું. કર્ણાવતી ક્લબના ગ્રાઉનડમાં આયોજિત હાઉઝી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો સહભાગી બનતા આ કાર્યક્રમે રેકોર્ડ બુક્સમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા એક પ્રતિષ્ઠિત સંસ્થાન છે, જે વિવિધ મહત્વપૂર્ણ સિદ્ધિઓને સ્વિકૃતિ આપે છે. તથા તેણે કર્ણાવતી ક્લબની હાઉઝી સ્પર્ધાને વિશ્વની સૌથી મોટી તંબોલા હાઉઝી ગેમ તરીકે પ્રમાણિત કરી છે. વર્લ્ડ રેકોર્ડનું સર્ટિફિકેટ કર્ણાવતી ક્લબના પ્રેસિડેન્ટ નગીનભાઇ પટેલ અને ક્લબના બીજા મહાનુભાવોની ઉપસ્થિતિમાં એનાયત કરાયું હતું. આ પ્રસંગે નગીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા દ્વારા અમારી હાઉઝી ઈવેન્ટને પ્રમાણીત કરતાં અમે ઉત્સાહિત છીએ. અમે મહામારીના બે વર્ષ દરમિયાન બમ્પર હાઉઝી સ્પર્ધા યોજી શક્યાં ન હતાં. અમે આ વર્ષની સ્પર્ધાને વિશેષ બનાવવા ઈચ્છતા હતાં, જેથી ક્લબના મેમ્બર્સ તેની મજા માણી શકે. મેમ્બર્સના જબરદસ્ત પ્રતિસાદને કારણે હાઉઝી ઈવેન્ટ સૌથી મોટી બની છે. અમે આ રેકોર્ડ અમારા તમામ સહભાગીઓને સમર્પિત કરીએ છીએ. કર્ણાવતી ક્લબ છેલ્લાં ઘણાં વર્ષોથી તેના મેમ્બર્સ માટે હાઉઝી ગેમનું આયોજન કરે છે, પરંતુ આ વર્ષે પહેલીવાર વિજેતાને રૂ. ૧.૨૫ કરોડના મૂલ્યોના ઈનામો અપાયા હતાં. તે રાજ્યની પણ સૌથી મોટી હાઉઝી ગેમ બની છે. વધુમાં કોવિડ-૧૯ મહામારીને કારણે બે-ત્રણ વર્ષના અંતરાલ બાદ મોટાપાયે હાઉઝી ગેમનું આયોજન કરાયું હતું.

મોદી આવતા સપ્તાહે ફરી ગાંધીનગર આવશે, સરકારી ભરતીના ઉમેદવારોને નિમણૂકપત્ર અપાશે

ગાંધીનગર, ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત વચ્ચે સરકારે ૨૯ ઓક્ટોબરે રાજ્ય સરકારનાં વિવિધ ખાતાંની ભરતીમાં પાસ થયેલા ઉમેદવારોને મુખ્યમંત્રી નિમણૂક પત્ર આપશે, જેથી આચારસંહિતા પહેલાં આ કામગીરી પૂર્ણ કરવાની હોવાથી આ મહિનાના અંત સુધીમાં ચૂંટણીની તારીખો અંગે કોઈ જાહેરાતની શક્યતા નથી. માનવામાં આવે છે કે હવે ગુજરાત વિધાનસભા ચૂંટણીની તારીખો ૧ નવેમ્બર પછી જાહેરાત કરાશે. ચૂંટણી પહેલાં સરકારે ૨૯મી ઓક્ટોબર સુધીના કાર્યક્રમોનાં આયોજનને આખરી ઓપ આપી દીધો છે. ૨૯મીએ પંચાયતની વિવિધ ભરતીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને નિમણૂકપત્ર આપવાનો કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાવાનો છે. સરકારે એક વર્ષમાં પંચાયત વિભાગમાં ૧૫ હજાર જેટલી જગ્યાઓની ભરતી બહાર પાડી હતી, જે પૈકી તલાટી અને જુનિયર ક્લાર્ક સિવાયની મોટા ભાગની જગ્યાઓ માટેની પરીક્ષા સહિતની ભરતીપ્રક્રિયા પૂર્ણ થઇ ગઇ છે. આવી અલગ અલગ ૧૨ સંવર્ગમાં ભરતી પામનારા ઉમેદવારોને નિમણૂકપત્ર આપવા માટે અમદાવાદ ખાતે સમારોહ યોજવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૧મીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે હાજર રહેવાના હોવાથી એ પછી ચૂંટણીની તારીખો જાહેર થવાની શક્યતા છે. હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી હતી. હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કતામાં મતદાન કરવામાં આવશે. ૧૨ નવેમ્બરે મતદાન કરવામાં આવશે અને ૮ ડિસેમ્બરે મતગણતરી કરવામાં આવશે. આમ, હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીનું પરિણામ ૮ ડિસેમ્બરે આવી જશે. હિમાચલ પ્રદેશમાં મતદાનની ચૂંટણી જાહેર થઈ ગઈ છે.

વિશ્વભરમાં ૨૯મી ઓક્ટોબરને વિશ્વ સ્ટ્રોક દિવસ તરીકે ઉજવવામાં આવે છે

અમદાવાદ, આજના ઝડપી દુનિયામાં, સ્ટ્રોક એ વિશ્વભરમાં મૃત્યુ અને અપંગતાનું રજું સૌથી મોટું કારણ તરીકે ઉભરી આવ્યા છે. સ્ટ્રોકની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે, અને હવે ૩૦-૪૦ વર્ષની વચ્ચેની યુવા વસ્તીમાં પણ સ્ટ્રોકના લક્ષણો વિકસાવી રહી છે. વિશ્વભરમાં દર વર્ષે પંદર મિલિયન લોકોને સ્ટ્રોક આવે છે. તે અપંગતાનું મુખ્ય કારણ પણ છે. સ્ટ્રોકથી મનુષ્યમાં લકવો, સંવેદનાત્મક વિક્ષેપો, અફેસીયા અને ભાવનાત્મક વિક્ષેપો થઈ શકે છે. સ્ટ્રોકના પરિણામે દર વર્ષે ૬ મિલિયનથી વધુ લોકો મૃત્યુ પામે છે. અગાઉના જુના આંકડાઓ મુજબ, દરેક છ માંથી એક વ્યક્તિને તેમના જીવનકાળ દરમિયાન સ્ટ્રોક આવવાની અપેક્ષા હતી પણ હાલના વર્તમાન આંકડા સૂચવે છે કે સ્ટ્રોકની અપેક્ષા ધરાવતા લોકોની સંખ્યામાં વધારો થયો છે. હવે વિશ્વભરમાં દરેક ચારમાંથી એક વ્યક્તિને સ્ટ્રોક આવવાની શક્યતા છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ માટે, વિશ્વ સ્ટ્રોક દિવસની થીમ "સ્ટ્રોકના ચિહ્નો અને ગુણવત્તાયુક્ત સ્ટ્રોક સારવારની સમયસર પહોંચની જરૂરિયાત" વિશે જાગૃતિ વધારવા પર કેન્દ્રિત છે.



ટ્રાઈકલર હોસ્પિટલ્સ, વડોદરાના, ન્યુરોલોજી વિભાગના કન્સલ્ટન્ટ અને હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, ડો. મનન મહેતા જણાવે છે, "સ્ટ્રોક અચાનક થાય છે. અને સમયસર સારવાર માટે તેના લક્ષણોની વહેલી ઓળખ નિર્ણાયક છે. સ્ટ્રોકના બે મુખ્ય પ્રકાર છે - ઈસ્કેમિક (જ્યાં રક્તવાહિનીઓ ભરાઈ જાય છે) અને હેમોરેજિક (જ્યાં રક્તવાહિનીઓ ફાટી જાય છે અને મગજમાં લોહી નીકળે છે) અને આ નીચેના મુજબ ન્યુમોનિક શીખીને સ્ટ્રોકના મુખ્ય લક્ષણોને ઓળખવા અને સમજવા માટે તે મહત્વપૂર્ણ છે." (૧૯-૮)

Owner : Kalyani Publications PVT LTD. Publisher and Printer : Mayur C. Bhatt. Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2. Published From and Place of Publication : 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara Editior : Mayur C. Bhatt

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

વિવિધ સિગ્નલીંગ કાર્યો

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડીઆરએમ/એસ એન્ડ ટી દ્વારા ટેન્ડર નં. ઈપીસી એડીઆઈ ડબલ્યુઆર એસએનટી 04 બંધ થવાની તારીખ 20-12-2022, 11:00, સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડરો ફક્ત મૂળ/સુધારેલ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં નહીં આવે કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થશે તો તેને અવગણવામાં આવશે. **ટેન્ડર નં. ઈપીસી એડીઆઈ ડબલ્યુઆર એસએનટી 04 (1) કામનું નામઃ** પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના સાબરમતી-A - સાણંદ (25.01 કિ.મી.) ડબલ લાઈન સેક્શન વચ્ચે માર્ગમાં ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ/આરઆરઆઈ/પીઆઈ સ્ટેશનોમાં યોગ્ય ફેરફારો સાથે ડ્યૂઅલ મલ્ટી સેક્શન ડિઝીટલ એક્સલ કાઉન્ટર્સ તેમજ અન્ય સંલગ્ન કાર્યો સહિત ફોર એસ્પેક્ટ ઓટોમેટીક સિગ્નલીંગની ડિઝાઈન, આપૂર્તિ, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ **(2) કામની અંદાજીત કિંમતઃ** ₹ 17,12,58,138.94/- (રૂા. સત્તર કરોડ બાર લાખ અઠ્ઠાવન હજાર એક સો આડત્રીસ અને ચોરાણું પૈસા પૂરા) **(3) અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ 8,56,300/- (રૂા. આઠ લાખ છપ્પન હજાર ત્રણ સો પૂરા) **(4) પ્રિ-બીડ મિટીંગ ની તારીખ અને સમયઃ** ડીઆરએમ ઓફિસ અમદાવાદ પર તા.02-12-2022 ના 11:00 કલાકે **(5) બંધ થવાની તારીખ અને સમયઃ** તા.20-12-2022 ના 11:00 કલાક સુધી તે પછી નહિં **(6) ભૌતિક રીતે દસ્તાવેજો જમાઃ** તા.26-12-2022 ના 11:00 કલાક સુધી તે પછી નહિં **(7) ટેકનિકલ બીડ્સ ખુલવાની તારીખ અને સમયઃ** તા.27-12-2022 ના 16:00 કલાકે **(8) ઈ-ટેન્ડરીંગની વેબસાઈટઃ** www.ireps.gov.in

ADI-180

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

આશિષ પોલિપ્લાસ્ટ લિમિટેડ

સીઆઈએનઃ L17110GJ1994PLC021391
રજિસ્ટર્ડ ઓફિસ : ૫૦૧, ફૉર્ચ્યુન બિઝનેસ હબ, સત્યમેવ એલિસીયમ પાસે, સાઈંસ સિટી પાસે , સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન (ઓ.) ૯૦૯૯૦૫૨૫૮૨, ૯૮૨૫૨૨૦૯૭૭
ઈમેઈલઃ ashishpolyplast@gmail.com
વેબસાઈટ : www.ashishpolyplast.com

સૂચના

અહીં નિયમન ૪૭ (૧) (એ) ની જોગવાઈ હેઠળ સૂચના આપવામાં આવે છે કે સેબીના નિયમન ૨૯ (૧) (એ) ના નિયમો (૩૩)(૩) (ડી) સાથે વાંચો (સૂચિબદ્ધ જવાબદારી અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમો, ૨૦૧૫ ,હેઠળ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ નારોજ પૂરા થયેલા ક્વાર્ટર અંતે અનઑડીટેડ થયેલ નાણાકીય પરિણામોને ધ્યાનમાં લેવા અને મંજૂરી આપવા માટે, કંપનીની નિયામક મંડળની એક બેઠક **ગુરૂવાર, ૧૦મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ** સવારે ૧૧.૦૦ કલાકે તેની રજિસ્ટર્ડ ઓફિસ પર યોજાવાની છે. સ્ટોક એક્સચેંજને નાણાકીય પરિણામ જાહેર થયાના ૪૮ કલાક સુધી ડિરેક્ટર, કી મેનેજરિયલ પર્સન અને તેમના સંબંધીઓ, પ્રમોટર્સ અને તેમના સંબંધીઓ માટે એક્સચેન્જમાં ટ્રેડિંગ વિંડો બંધ રહેશે. www.ashishpolyplast.com પર કંપનીની વેબસાઈટ અને www.bseindia.com પર સ્ટોક એક્સચેંજ વેબસાઈટ પર પણ સૂચના ઉપલબ્ધ છે.

આશિષ પોલિપ્લાસ્ટ લિમિટેડ વતી
એસડી / -
આશિષ ડી પંચાલ
(વહીવટી સંચાલક)
તારીખઃ ૩જી નવેમ્બર, ૨૦૨૨
સ્થળઃ અમદાવાદ
ડીઆઈએનઃ ૦૦૫૯૮૨૦૯

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટૉવર, અંધેરી- કુર્લા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૯, ભારત
બ્રાન્ચ ઓફિસ : યુનિટ નં. ૦૩, ૧લો માળ, શાંતિ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. પી-૫૦/૧, જી.આઈ.ડી.સી., ૨૧ફસ્ટ સેન્ચુરી હોસ્પિટલ વાપી ૩૯૬૧૯૫.

(જુઓ નિયમ ૮(૬)ની જોગવાઈઓ

સ્થાવર મિલકતની વેચાણ નોટીસ

સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૮(૬) સાથે વંચાતા સિક્યોરિટાઇઝએશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ- હરાજી વેચાણ નોટીસ

આથી ખાસ કરીને કરજદાર/રો અને જમીનદાર/રો અને જાહેર જનતા ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લી.ના અધિકૃત અધિકારીને ગીરો/ચાર્જડ કરાયેલ છે જેનો ભૌતિક કબ્જો સિક્યોર્ડ ક્રેડિટરએ લઈ લીધો છે, "જેનું જ્યાં છે", "જે છે" અને "જેમ છે"ના ધોરણે નીચે કોષ્ટકમાં દર્શાવેલ કરજદારો અને જામીનદારો પાસે થી આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીની બાકી રકમની વસુલાત માટે ઈ- હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	કરજદાર, સહકરજદારો /જામીનદારો ના લીગલ હાયર્સ લોન એકાઉન્ટ નંબર અને નામ /	કઈ પણ જાણમાં હોય સાથે આરક્ષિત મિલકતની વિગત	બકાયા રકમ	આરક્ષિત કિંમત / અર્નેસ્ટ મની ડિપોઝિટ	મિલકતના નિરીક્ષણ ની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧.	રચના પ્રજાપતિ (કરજદાર), લોન એકાઉન્ટ નં. - **LHVPI00001280679**	ફ્લેટ નં. ૧૦૨, એફ ૨ બિલ્ડિંગ, શિવ ભક્તિ ટૉઉનશીપ, ઉડવાડા, બગવાડા રોડ, આરકેએમ સ્કુલ પાસે , ઉડવાડા.	રૂા. ૨૭,૮૪,૬૯૭/- ૧ નવે, ૨૦૨૨	રૂા. ૧૮,૪૬,૦૦૦/- રૂા. ૧,૮૪,૮૦૦/-	૧૫ નવે. ૨૦૨૨ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ કલાક સુધી.	૧૮ નવે.,૨૦૨૨ બપોરે ૦૨.૦૦ થી ૦૩.૦૦ કલાક સુધી.

આ ઓનલાઈન હરાજી વેબસાઇટ (URL Link - -https://sarfaesi.auctiontiger.net/EPROC) પર અમારી ઑક્શન એજેન્સી ઑક્શન ટીગર દ્વારા હાથ ધરવામાં આવશે.

ગિરો મુકનારને નોટીસ આપવામાં આવે છે કે છેલ્લી તક કુલ લેણાં ની પરત ચૂકવણી કુલ લેણાં સાથે આગળ વ્યાજ સુધી ૧૭ નવેમ્બર, ૨૦૨૨ પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચુકવી દેવી. બીજું આ સુરક્ષિત અસ્કયામતો ઉપર મુજબ ના કાર્યક્રમ મુજબ વેચી દેવામાં આવશે .સંભવિત ◦ બિડર(ઓ) અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) તે આરટીજીએસ, ડિમાંડ ડ્રાફ્ટ કોલમ ઈ માં આપેલ રકમ સબમિટ કરવું પડશે જે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ ખાતે, યુનિટ નં. ૦૩, ૧લો માળ, શાંતિ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. પી- ૫૦/૧, જીઆઈડીસી, ૨૧ સ્ટ સેન્ચુરી હોસ્પિટલ પાછળ, વાપી- ૩૯૬૧૯૫ ઉપર ૧૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ સાંજે ૦૪:૦૦ પહેલાં અથવા અથવા ૧૭ નવેમ્બર,, ૨૦૨૨ના રોજ સાંજે ૦૫:૦૦ તે પહેલાં. કૃપયા નોંધ કરો, સંભવિત બિડર(ઓ) ઉપરોક્ત સમય મુજબ તેમની ઓફર સબમિટ કરવામાં અસમર્થ હોય તો તેની સહી કરેલી નકલ ટેન્ડર દસ્તાવેજો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ, યુનિટ નં. ૦૩, ૧લો માળ, શાંતિ કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. પી-૫૦/૧, જીઆઈડીસી , ૨૧ સ્ટ સેન્ચુરી હોસ્પિટલ પાછળ, વાપી- ૩૯૬૧૯૫ પર સબમિટ કરી શકાય છે. આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડ તરફેણનો વાપી ખાતે વાપી નેશનલ શિડ્યુલ્ડ બેંક ની અર્નેસ્ટ મની ડિપોઝિટનો ડિમાંડ ડ્રાફ્ટની સાથે આપવો.

કોઈપણ આગળ સ્પષ્ટતાઓ સાથે સાદર પ્રતિ નિરીક્ષણ શરતો અને શરતો ના આ હરાજી અથવા રજૂઆત ના ટેન્ડર ,માટે સંપર્ક આઈસીઆઈસીઆઈ હોમ ફોયનાન્સ કંપની લીમીટેડનો નંબર ૭૦૨૧૦૭૨૮૯૯ પર સંપર્ક કરવો.

સત્તાવાર અધિકારીને બિડને કોઈ પણ વધુ કારણો આપ્યા વિના નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે . માટે વિગતવાર શરતો અને શરતો ના આ વેચાણ, કૃપા કરીને વેબસાઈટ https://www.icicihfc.com/ ની મુલાકત લો.

તારીખઃ ૦૩ નવેમ્બર, ૨૦૨૨
સ્થળઃ ઉડવાડા.
અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લીમીટેડ

ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેંક

આપકી ઉમ્મીદ કા ખાતા
(શિડ્યુલ્ડ કોર્મસીયલ બેંક)

ઝોનલ ઓફીસ : સાતમો માળ, બેસ્ટ કોમર્સિયલ કોમ્પલેક્ષ, ડૉ. આંબેડકર ઉદ્યાન પાસે, ચેમ્બુર ઇસ્ટ, મુંબઇ (મહારાષ્ટ્ર)–૪૦૦૦૭૧.
રજીસ્ટર્ડ ઓફીસ : ઉત્કર્ષ ટાવર, નેશનલ હાઇવે-૩૧, (એરપોર્ટ રોડ), શેમલપુર, કાઝી સરાઇ, હારહુઆ, વારાણસી, યુપી–૨૨૧ ૧૧૦૫

જાહેર નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કતે નીચેના દેવાદાર/રોએ બેંક પાસેથી તેમણે મેળવેલ લોન સવલતોની મુદ્દલ અને વ્યાજની પરત ચુકવણીમાં કસુર કર્યો છે અને લોન નોન-પરફોમિંગ એસેટ્સ (એનપીએ) તરીકે વર્ગીકૃત કરાઇ છે. તેઓને તેમના દ્વારા બેંકને અપાયેલ તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ (સિક્યોરીટી) ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ તેમને નોટીસો જારી કરાઇ હતી, આ ઉપરાંત જણાવેલ દેવાદારોની માહિતીના હેતુસર નીચે જણાવાઇ છે,જણાવેલ દેવાદારોને આ જાહેર નોટીસના માર્ગે જાણ કરવામાં આવી છે.

ક્રમ નં.	શાખાનું નામ	એકાઉન્ટનું નામ	દેવાદાર/ જામીનદાર (મિલકનતા માલિક) નું નામ	એન.પી.એ. તારીખ	માંગણા નોટીસ મુજબ બાકી રકમની તારીખ
૧	સુરત	1540050000000081	કિશોરભાઇ હરજીવનભાઇ રાવલ (ગીરવેદાર-૧), મહેશભાઇ હરજીવનભાઇ રાવલ (ગીરવેદાર-૨) અને રાવલ ભારતીબેન કિશોરભાઇ (ગીરવેદાર-૩)	૧૫-૦૪-૨૦૨૨	રૂા. ૪,૪૭,૯૧૦/-
ચાર્જડ ગીરો મિલકતની વિગત : (મિલકતના તમામ ભાગ અને હિસ્સા): રેવન્યુ સર્વે નં. ૯૯/૧ /એ અને ૯૯/૧/બી, બ્લોક નં. ૨૩૨ અને ૨૩૩, સ્કીમ નં. ૭૦, એફ.પી. નં. ૧૭૪ પૈકી, સિદ્ધિ વિનાયક રો હાઉસ તરીકે જાણીતી સ્કીમ, પ્લોટ પૈકી પ્લોટ નં. ૧૨૯, જિલ્લો- સુરત.					
૨	સુરત	1540060000000024	પારેખ યોગેશભાઇ શિવાભાઇ (ગીરવેદારા) અને પારેખ સાગર (જામીનદાર)	૦૩-૧૦-૨૦૨૨	રૂા. ૮,૩૮,૭૯૧.૬૩/-
ચાર્જડ ગીરો મિલકતની વિગત : (મિલકતના તમામ ભાગ અને હિસ્સા): બીજો માળ, ખોડિયાર કોમ્પલેક્ષ, રૂમ નં. ૯, યામીની કોલોની, સર્વે નં. ૨૪૪/૪, ગ્રામ પંચાયત મિલકત નં. ૫૭૦, ટીપી સ્કીમ નં. ૪૧, એફપી નં. ૬૬, મોજે-ડિંડોલી, તાલુકો-ચૌર્યાસી, જિલ્લો- સુરત.					
૩	સુરત	1540050000000216	વઘાસિયા યોગેશભાઇ ડી. (દેવાદાર) અને વઘાસિયા હંસાબેન દલસુખભાઇ (ગીરવેદાર)	૧૩-૦૬-૨૦૨૨	રૂા. ૨૬,૯૫,૯૯૮.૫૯/-
ચાર્જડ ગીરો મિલકતની વિગત : (મિલકતના તમામ ભાગ અને હિસ્સા): બ્લોક નં. ૧૯૮, દાતાર રો હાઉસ તરીકે જાણીતી સ્કીમ, પ્લોટ નં. ૨૧૦, મુકામ- સચાડલા, તાલુકો-ઓલપાડ, જિલ્લો-સુરત, ગુજરાત-૩૯૪૧૩૦.					
ચાર્જડ ગીરો મિલકતની વિગત:(મિલકતના તમામ ભાગ અને હિસ્સા) : બ્લોક નં. ૧૪૨, ફ્લેટ નં. ડી-૪૦૬, ચોથો માળ, બિલ્ડીંગ ડી, સીટી પેલેસ રેસીડેન્સી, ગામ બાબેન, તાલુકો બારડોલી, જિલ્લો-સુરત-૩૯૪૬૦૧, ગુજરાત.					

ઉપરોક્ત દેવાદાર/રો અને/અથવા તેમના જામીનદારો (જ્યાં લાગુ હોય ત્યાં) ને કલમ ૧૩ (૨) હેઠળ નોટીસ જારી કર્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકી રકમની ચુકવણીઓ કરવા સલાહ છે, જેમાં નિષ્ફળ જતાં સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ (સિક્યોરીટી) ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની જોગવાઇ મુજબ કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલ નોટીસની તારીખથી ૬૦ દિવસ પુરા થયે અન્ય પગલા લેવામાં આવશે. **સહી/-**

તારીખ : ૦૩.૧૧.૨૦૨૨
સ્થળ : ગુજરાત
આરિફ મુલ્લા (અધિકૃત અધિકારી)
ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેંક લીમીટેડ

શ્રીરામ સિટી યુનિયન ફાયાનાન્સ લીમીટેડ

SHRIRAM City
MONEY WHEN YOU NEED IT MOST
DEMAND NOTICE

રજીસ્ટર્ડ ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્ગપ્પાનૈકેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦ ૦૦૧
બ્રાન્ચ ઓફિસ : ઓફિસ નં. ૧ અને ૨, ૨જો માળ, સ્કાઈ મૉલ સામે, સણાલા રોડ, મોરબી-૩૬૩૫૪૧ વેબસાઈટ :**www.shriramcity.in**

નીચે જણાવેલ કરજદાર(રો)/સહકરજદારો/જામીનદારોને નોટીસ આપવામાં આવે છે કે **શ્રીરામ સિટી યુનિયન ફાઈનાન્સ લીમીટેડ** માંથી તમે લોનની સગવડ લીધી હતી તેની મુળ રકમ અને તેનું વ્યાજ પરત કરવામાં તમે નિષ્ફળ ગયા છો તેથી તમારુ લોન ખાતુ રિઝર્વ બેંક ઓફ ઈંડિયા દ્વારા જારી માર્ગદર્શિકા/નિયમાનુસાર નોન પરફોમીંગ એસેટ(એનપીએ) તરીકે ગણવામાં આવે છે. તેથી નીચે સહી કરનાર **શ્રીરામ સિટી યુનિયન ફાઈનાન્સ લીમીટેડ** ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઇઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ દેવાદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.તેમને સીકયુરાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (સરફેસી એકટ)હેઠળ લેનદારો/જામીનદારો/માર્ટગેઝરોને આ નોટીસ માં દર્શાવેલ રકમ અને બાકી નિકળતી રકમ આકસ્મિક ખર્ચ,કોસ્ટ, ચાર્જિસ વગેરેની સાથે નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી.

આ જાહેર નોટિસ છેલ્લા જાણ મુજબના સરનામાં પર મોકલવામાં આવી હતી તે સ્વીકાર્યા વગરની પાછી ફરી છે તેથી આ નોટીસ મોકલાવવામાં આવી છે.

ઋણ લેનારા કાનૂની વારસદારો, અનુગામી કાનૂની પ્રતિનિધિયો, એજેન્ટો જો કોઈ હોય, તો ધ્યાન આપો કે સેક્શન ૧૩ એક્ટના સબ -સેક્શન (૮)ની જોગવાઈ મુજબના સમયમાં આ આરક્ષિત મિલકત છોડાવી શકો છો.

કરજદારો(રો)/ સહ- કરજદારો(રો)નું નામ	બાકી નિકળતી રકમ	લોનની રકમ	આરક્ષિત મિલકતનું સરનામું
લોન એકાઉન્ટ નં. **RSRAJTF 1803290002** **RSRAJTF 2011170003** તમામ કાનૂની વારસદારો/ એજેન્ટ/ અનુગામી/વીલ ધારકો/ પ્રોબેટ ધારક/ કાનૂની પ્રતિનિધિયો નીચે આપેલ બે નામ : ૧. સ્વર્ગીય સ્વિતુ એચ. કઠરાણી (પ્રોપરાઈટર ઓફ શ્રીજી ટ્રેડર્સ) પ્રોપરાઈટર ઓફ શ્રીનાથ કૉર્પોરેશન) (પ્રોપરાઈટર ઓફ શ્રીનાથ કન્વેસીંગ અને કમિશન એજેન્ટ) સી/ડી એસટી સી-૧૨એફ-૧૨૦૬ટિટેનિયમ સિટી સેન્ટર બિઝનેસ પાર્ક, સચિન ટૉવર પાસે, ૧૦૦ ફીટ રોડ સેટેલાઈટ , અમદાવાદ- ૩૮૦૦૧૫. અન્ય સ્થળઃ ૯૦૬, હેતવી ટૉવર, ૧૦૦ ફીટ આનંદ નગર રોડ, સચિન ટૉવર પાસે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫. ૨. સ્વર્ગીય દમયંતિ એચ. કઠરાણી , ૯૦૦ હેતવી ટૉવર , ૧૦૦ ફીટ આનંદ નગર રોડ, સચિન ટૉવર પાસે, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫. એનપીએ તારીખ : ૦૪ જુલાઈ, ૨૦૨૨ માંગણા નોટીસની તારીખ : ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨.	રૂા. ૯૯,૨૬,૫૭૧/- (રૂપિયા નવાણું લાખ છવીસ હજાર પાંચ સો ઈકોતેર પુરા) જે ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધીનું છે.	રૂા. ૧૦૭૨૦૦૦૦/- (રૂપિયા એક કરોડ સાત લાખ વીસ હજાર પુરા) જે જોઇન્ટલી ૦૨ એકાઉન્ટ્સ માં છે. **RSRAJTF 180 3290002** **RSRAJTF 201 1170003**	મિલકતની વિગત : મિલકત માલિક શ્રી સ્વિતુ હસમુખભાઈ કઠરાણી એ રજી. સેલ ડીડનં. ૧૧૯૯૧ તા. ૧૨ જુલાઈ, ૨૦૧૮ના રોજ અને સેલ ડીડ નં. ૧૧૯૯૭, તારીખ ૧૨ જુલાઈ, ૨૦૧૮ ના રોજ અને સેલ ડીડ નં. ૧૧૯૯૯ તા. ૧૨ જુલાઈ, ૨૦૧૮ ના રોજ હસ્તગત કરેલ છે. તમામ ભાગ અને હિસ્સો ખાલી ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ જેનો માપ એરિયા ૧૭૬૩.૯૦ સ્કેવર મી. ઓફ નં. ૪, ૫ અને ૬ એટ્ ટિંબાડી રેવેન્યુ સર્વે નં. ૮/પીૈ૩ માં સબ ડિસ્ટ્રીક્ટ અને રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ મોરબી, ગુજરાત રાજ્યમાં સ્થિત છે. તેની ચારે બાજુ : બાઉન્ડ્રી ઓફ પ્લોટ નં. ૪, ઉત્તરે : પ્લોટ નં.૫ દક્ષિણે : એન.એ. રોડ પુર્વે : આરએસ નં. ૯/૧ની એન.એ. લેન્ડ પશ્ચિમે : એન.એ. રોડ બાઉન્ડ્રી ઓફ પ્લોટ નં. ૫, ઉત્તરે : કૉમન પ્લોટ દક્ષિણે : પ્લોટ નં. ૪ પુર્વે : આરએસ નં.૧૧/૧ની એન.એ. લેન્ડ પશ્ચિમે : એન.એ. રોડ બાઉન્ડ્રી ઓફ પ્લોટ નં. ૬, ઉત્તરે : લેન્ડ ઓફ આરએસ નં. ૧૨/૧ દક્ષિણે : કૉમન પ્લોટ પુર્વે : આરએસ નં.૧૧/૧ની એન.એ. લેન્ડ પશ્ચિમે : એન.એ. રોડ

ઉપરોકત કરજદારોને આથી નોટીસ આપવામાં આવે છે કે આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૬૦ દિવસની અંદર બાકી નિકળતી રકમ ચુકવી દેવી જો આ ૬૦ દિવસની મુદત પુરી થઇ જશે ત્યા સુધીમાં રકમ ચુકવવામાં નિષ્ફળ જશો તો આગળની કાર્યવાહી ગીરો મુકેલ (એક કે ગમે તે સામે) તમારા ખર્ચ અને જોખમે કાર્યવાહી થશે જે સીકયુરાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ના અનુચ્છેદ૧૩ (૪)ની આવેદકોના રૂલની જોગવાઈ મુજબ કાર્યવાહી થશે.

કૃપયા ધ્યાન આપો કે કલમ ૧૩ (૧૩)ની જોગવાઈ મુજબ આ નોટીસના અનુસંધાનમાં સિક્યોર્ડ ક્રેડિએટરની પુર્વ મંજૂરી લીધા વિના ગીરો મિલકત કોઈપણ પ્રકારે લીઝ, વેચાણ મારફતે કોઈના નામે ટ્રાન્સફર કરી શકાશે નહી કોઈ ત્રાહીત વ્યક્તિનો હક્ક પેદા થાય તે રીતે કાર્યવાહી થઈ શકશે નહી.

સ્થળ : મોરબી/ અમદાવાદ.
તારીખ : ૦૩.૧૧.૨૦૨૨.
સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ સિટી યુનિયન ફાયનાન્સ લી.